## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



પાછળની સરકારની જ ભૂલ છે... હીન્દી-ચીની ભાઈ-ભાઈનો નારો આપ્યો હતો... તમને તો ખબર જ છે ને કોઈ દિવસ ભાઈ ભાઈનો સંબંધ ઝગડા વગરનો હોય ??

# કોરોના બાદની બદલાતી વૈશ્વિક આર્થિક સ્થિતિનો મહત્તમ લાભ લેવા ગુજરાત સજ્જ : મુખ્યમંત્રી

### રાજ્યના ૧૩ હજારથી વધુ MSME - મધ્યમ ઊદ્યોગ એકમોને ૧૩૭૦ કરોડની સહાય ઓનલાઇન એટ વન કલીક આપવાની ગુજરાતની પહેલ : મુખ્યમંત્રીએ ગાંધીનગરથી કરાવ્યો પ્રારંભ કરાવ્યો

ગાંધીનગર, તા. ૨૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના-કોવિડ-૧૯ સંક્રમણ પછીની બદલાતી વૈશ્વિક આર્થિક સ્થિતીનો મહત્તમ લાભ લઈ આફતને અવસરમાં પલટાવવા રાજ્યના લઘુ-મધ્યમ અને સ્જીસ્ઈ ઊદ્યોગકારોને આહવાન કર્યુ છે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, કોરોના સંક્રમણ સામે ''જાન હૈ-જહાન હૈ''ના ધ્યેય સાથે રોજિંદી જીવન પ્રવૃત્તિઓ, વેપાર, ઊદ્યોગ, ધંધા-રોજગાર ફરી ધમધમતા-ધબકતા કરવા રાજ્ય સરકાર આવા ઊદ્યોગ-ધંધા-વેપારને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રીએ રાજયભરના જિલ્લાઓના ૧૨૨૪૭ MSME ઊદ્યોગકારોના બેન્ક ખાતામાં રૂ. ૭૬૮ કરોડ અને ટેક્ષટાઈલ ઊદ્યોગ સહિતના અન્ય મોટા ઊદ્યોગોના ૮૩૫ એકમોને રૂ. ૬૦૧ કરોડની સહાય મળી કુલ ૧૩ હજાર એકમોને રૂ. ૧૩૬૯ કરોડની સહાય એક જ કલીકથી ગાંધીનગર બેઠા આ ઊદ્યોગકારોના બેન્ક ખાતામાં DBT થી જમા કરાવવાની



અભિનવ પહેલનો પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીએ રાજયના જિલ્લા મથકોએથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયેલા ઊદ્યોગ-વેપાર પ્રતિનિધિઓને આ સહાય અર્પણ વેળાએ પ્રેરણા આપતાં કહ્યું કે, ઊદ્યોગ વેપાર તો ગુજરાતના DNAમાં રહેલા છે ત્યારે કોરોના કોરોના કરીને બેસી રહેવાને બદલે કોરોના સાથે કોરોના સામે જંગ આદરીને કોરોનાને હરાવવા આપણે સતર્કતા-સાવચેતી સાથે વેપાર, ઊદ્યોગો, ધંધા રોજગારને પહેલાં કરતાં પણ વધુ તેજ ગતિ, વધુ ઉત્પાદન, વધુ સારી ગુણવત્તા સાથે આગળ ધપાવી વિકાસની રફતારને નવી ગતિ આપવી છે. વિજયભાઈ રૂપાણીએ રાજયના અર્થતંત્રને કોરોના સંક્રમણ વચ્ચે પણ ત્વરાએ બેઠું કરવા પૂર્વ કેન્દ્રીય નાણાં સચિવ ડૉ. હસમુખ અઢિયાની અધ્યક્ષતામાં કમિટીની રચના કરીને તેમની ભલામણોના ત્વરિત અસરકારક અમલ રૂપે ભૂતકાળમાં કદી ન અપાયું એવું સૌથી મોટું રૂ. ૧૪ હજાર કરોડનું ગુજરાત આત્મનિર્ભર પેકેજ આ સરકારે જાહેર કર્યુ છે તેની વિશદ ભૂમિકા આપી હતી. તેમણે ઉમેર્યુ કે, માત્ર પેકેજ જાહેર કર્યુ છે એટલું જ નહિ, એ અંગેની GR સહિતની પ્રક્રિયા એક જ સપ્તાહમાં પૂર્ણ કરી તેનો અમલ પણ શરૂ કરી દેવાની દિશા આપી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્યના વિકાસનો આધાર એવા ૩૩ લાખ MSME દોઢ કરોડ જેટલા લોકોને રોજગારી આપે છે. આ MSME સહિતના અન્ય મધ્યમ-મોટા ઊદ્યોગોને કોરોના અને લોકડાઉનને કારણે પડેલી અસરમાંથી પૂનઃ ચેતનવંતા બનાવવાના ધ્યેય સાથે આ રૂ. ૧૪ હજાર કરોડના પેકેજ ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેર કરેલા આત્મનિર્ભર ભારત પેકેજમાં MSME માટે જાહેર કરેલી સહાયનો મહત્તમ લાભ ગુજરાતને મળે તે માટે આયોજનબદ્ધ કામગીરી ગુજરાતે કરી છે તેની વિગતો તેમણે આપી હતી.

તેમણે મુખ્યમંત્રીના આવા ઉદાત્ત અભિગમને પગલે રૂ. ૧૪ હજાર કરોડના માતબર સહાય પેકેજથી ગુજરાતના ઊદ્યોગ-વેપાર-રોજગાર સહિતની સમગ્ર આર્થિક ગતિવિધિઓને નવી દિશા મળી છે તેનો આનંદ વ્યકત કર્યો હતો.

## ખૂણેખાંચરેથી

- સહયોગ સંકુલમાં લિફટ રિપેરીંગની કામગીરી શનિ-રવિની રજા દરમિયાન હાથ ધરવામાં આવશે.
- ગાંધીનગર શહેરમાં ટ્રાફિક નિયમન માટે પોલીસતંત્રએ દંડનીય કાર્યવાહી હાથ ધરી છે. ખાસ કરીને જાહેર માર્ગો પર આડેધડ વાહન પાર્ક કરી જતા રહેતા ચાલકો સામે લાલ આંખ કરી છે. હવે પોલીસ ગાડીઓ લોક કરી જાય છે.
- ગાંધીનગર મામલતદાર સુનિલ રાવલનો પુત્ર જિબિલ રાવલનુ કોઈએ બોંક એકાઉન્ટ હેક કરી રૂ. ૭૯૦૦ ટ્રાન્સફર કરી લેતાં થલતેજ પોલીસમાં ફરિયાદ પુત્રએ કરી છે.
- ગાંધીનગર જિલ્લાના વહીવટીતંત્રમાં આગામી મહિને બદલીનો ગંજીફો ચીપાશે તેવા સંકેતો મળી રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ઓડિટ પેટા નિકાલ ઝુંબેશ અભિયાનરૂપે હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગરની જિલ્લાકક્ષાની કચેરીઓમાં જ સ્વચ્છતાનો સતત અભાવ જોવા મળી રહ્યો છે.
- ચોમાસાનો આરંભ થતાં જ ઘાસ ઉગી નીકળ્યુ છે અને તેને કારણે જીવાતોનો ઉપદ્રવ પણ વધવા પામ્યો છે.
- ગાંધીનગરના ડે. મેયર નાઝાભાઈ ઘાંઘર આજે પણ કોરોના સંક્રમણના કેસો વધી રહ્યા છે ત્યારે જરૂરિયાતમંદોને કીટ પહોંચાડી રહ્યા છે.

## ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાના વિષય વધારો : અભાવિપ

ગાંધીનગર, તા. ૨૬

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેનને પત્ર લખી ધોરણ-૧૨ની સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષામાં બે વિષયની પરીક્ષા યોજવા ત્વરિત નિર્ણય લેવા માંગ કરી છે. આ સાથે અભાવિપે ગ્રેસિંગ માર્કની પદ્ધતિ જાહેર કરવા પણ માંગ કરી છે. અભાવિપના પ્રદેશ મંત્રી હિમાલયસિંહ ઝાલા દ્વારા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેનને પત્ર લખી ધોરણ-૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા એક જ વિષયની લેવામાં આવે છે જ્યારે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની બે વિષયની પૂરક પરીક્ષા લેવામાં આવે છે તે અસમાનતા પર સવાલ ઉભો કરવા સાથે બધા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા સમાન કરવા સામાન્યપ્રવાહના વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષાના વિષય વધારી આપવા માંગ કરી છે જેથી આ પ્રવાહના વિદ્યાર્થીઓને અન્યાયથી બચાવી શકાય.



ગાંધીનગરના નામી ચિત્રકાર રાજેન્દ્રકુમાર પ્રભુદાસ શ્રીમાળીએ જાણીતા લોકગાયક કિર્તીદાન ગઢવીનું સુંદર ચિત્ર તૈયાર કર્યુ છે. અદ્‌ભૂત રંગોના સંમિશ્રણથી તૈયાર થયેલુ આ ચિત્ર જાણે હમણાં જ બોલી ઉઠશે તેવુ લાગે છે. ચિત્રકાર રાજેન્દ્રકુમાર શ્રીમાળીએ આવા અનેક સુંદર અને અદ્‌ભૂત ચિત્રો સર્જ્યા છે.

# ચિલોડાના જવેલર્સને ૧૯.૩૫ લાખનો ચુનો ચોપડી શખ્સ ફરાર

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક આવેલા ચિલોડાના જવેલર્સને રૂ. ૧૯.૩૫ લાખનો ચુનો ચોપડી એક શખ્સ છુમંતર થઈ ગયો છે. શખ્સે વિવિધ બહાના હેઠળ ફરીયાદી પાસેથી ટુકડે-ટુકડે ૧૯ લાખથની વધુની રકમ પડાવી અન્ય રહેવા ચાલી જતા આ બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મોટા ચિલોડા પૂનમ બંગ્લોઝમાં રહેતા લલિતસિંહ પરબતસિંહ ઠાકોર (ઉં.૪૪) તેઓએ ચિલોડા -દહેગામ માર્ગ પર જવેલર્સની દુકાન ચલાવે છે અને દાગીના પર ધીરાણ આપે છે. છ વર્ષ પહેલા તેમની દુકાન ખાતે મગોડી ખાતે રહેતા સદામ હુસૈન મહેબુબભાઈ સંધી પત્ની સાથે દાગીના ખરીદવા માટે ગયા હતા. પરિચય થયા પછી સદામ ફરીયાદી પાસેથી દાગીના પર અવારનવાર રૂપીયા વ્યાજે લઈ જતો હતો. ગત વર્ષે સદામ પિતા હોસ્પિટલ માં હોવાનું કહીને રૂ.૩ લાખ લઈ ગયો હતો. ત્યારબાદ ફરીવાર રૂ.૫ લાખ લઈ ગયો હતો.

પત્ની સાથે છુટાછેડા થયેલા છેભરણપોષણ પેટે આપવા માટે બીજા રૂ.૬ લાખ લઈ ગયો હતો. એપ્રિલ -૨૦૧૯માં સદામ મળતા ફરીયાદીએ તેને આપેલા રૂ.૧૪ લાખ પરત માંગ્યા હતા. જેથી ફરીયાદીને કોરો ચેક આપીને વિશ્વાસ અપાવીને બીજા ૫ લાખ વાઉચર પર લઈ ગયો હતો. ત્યારબાદ ફરીવાર આરોપી ગાડી બગડી હોવાનું કહીને રૂ.૩૫ હજાર લઈ ગયો હતો.થોડા સમય બાદ ફરીયાદીએ મગોડી જઈને તપાસ કરતા સદામ મકાન ખાલી કરીને ખેરાલુ બાજુ રહેવા માટે જતો રહ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું હતું.

## અમદાવાદની સાબરમતી જેલમાં કોરોનાનો કહેર

અમદાવાદ , તા. ૨૬

અમદાવાદમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે, ત્યારે જેલના અધિકારી સાથે જેલના કેદીઓ પણ આ વાઈરસથી સંક્રમિત થઈ રહ્યા છે. અમદાવાદની સાબરમતી જેલમાં ૧૬ કર્મચારીઓ અને ૫૪ કેદીઓ કોરોનાનો શિકાર બન્યા છે. એટલું જ નહીં, સાબરમતી જેલ હૃઅર્જી ડી.વી.રાણા પણ કોરોના પોઝિટીવ આવ્યા છે.

સાબરમતી જેલમાં કર્મચારીઓ કોરોના પોઝિટીવ મળતા જેલ કર્મી અને કેદી વચ્ચે હડકંપ મચી જવા પામ્યો છે. રાજયમાં કોરોના વાઈરસે સામાન્ય વ્યક્તિથી લઈને નેતાઓ સુધી તમામને પોતાનો શિકાર બનાવ્યા છે. ધીમે-ધીમે આ વાઈરસે જેલની અંદર પણ એન્ટ્રી મારી દીધી છે. મળતી માહિતી મુજબ, સાબરમતી જેલના ૧૬ કર્મચારી અને ૫૪ કેદીઓ કોરોનાગ્રસ્ત બન્યા છે. કોરોના સપડાયેલા દર્દીઓમાં સિરિયલ બ્લાસ્ટના એક આરોપી પણ સામેલ છે.

ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર વધતો જ જોવા મળી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૨૬ જિલ્લામાં ૫૭૭ કેસ સામે આવતા તંત્રની ચિંતા વધી છે.આમ રાજ્યામાં કોરોના પોઝિટિવનો કુલ આંક ૨૯,૫૭૮ પર પહોંચ્યો છે. જ્યારે મોતનો કુલ ૧૭૫૪ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે.

# મનપા દ્વારા ૯,૦૭૯ કિલોથી વધુ બાયોમેડિકલ વેસ્ટનો નિકાલ કરાયો

### કોરોના વાયરસ હેલ્પલાઇનનો લાભ ૪,૪૯૨ વ્યક્તિઓએ લીધો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા મહાનગરપાલિકા વિસ્તારમાંથી તા. ૨૫મી જૂન સુધીમાં ૯,૦૭૯ કિલોગ્રામથી વધુ બાયોમેડિકલ વેસ્ટનું કલેકશન કરવામાં આવ્યું છે. તેનો યોગ્ય નિકાલ પણ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ગાંધીનગર શહેરમાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે અનેક કાર્ય કરવામાં આવ્યા છે. મહાનગર પાલિકા દ્વારા તા.૨૫મી જૂન, ૨૦૨૦ સુધીમાં પાલિકા વિસ્તારમાંથી બાયોમેડિકલ વેસ્ટ એક્ટ – ૨૦૧૬ અંતર્ગત બાયોમેડિકલ વેસ્ટના કલેકશન માટે અલગથી વાહન ફાળવવામાં આવ્યું છે. તા. ૨૫મી જૂન, ૨૦૨૦ સુધીમાં મહાનગરપાલિકા વિસ્તારમાંથી એકટ મુજબ પીળા કલરની બેગમાં ૬૬૫૩.૨૦ કિલોગ્રામ, લાલ કલરની બેગમાં ૨૦૯૫.૩૦ કિલોગ્રામ અને વાદળી કલરની બેગમાં ૩૩૧.૦૦ કિલોગ્રામ વેસ્ટ એકત્ર કરીને નિકાલ કરવામાં આવ્યો છે.

મહાનગરપાલિકા દ્વારા કોરોના વાયરસ અંગેના પ્રશ્નોના નિરાકરણ માટે ખાસ કંટ્રોલ રૂમ તથા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી હતી. જેમાં ૪,૪૯૨ વ્યક્તિઓએ જેનો લાભ લઈ સંતોષકારક માર્ગદર્શન મેળવ્યું છે.

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં આવશ્યક સેવાઓને સંલગ્ન તમામ દુકાનોના વેપારીઓને, દૂધ વિતરણ કેન્દ્રોના સંચાલકોને તથા શાકભાજી વિતરણ કરતા ફેરિયાઓને પાલિકા દ્વારા માસ્કનું વિતરણ કરવામાં આવ્યું છે. ફાયરશાખાના વાહનો દ્વારા અત્યાર સુધી મહાનગરપાલિકાના દરેક વિસ્તારને ચેપ મુક્ત કરવા સોડિયમ હોઈપોકલોરાઈટ દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

ઘરવિહોણા લોકો માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેકટર-૬ ખાતે હંગામી શેલ્ટર હોમની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં અત્યાર સુધી ૭૩૦ લોકોને ભોજનની વ્યવસ્થા સાથે આશ્રય પુરું પાડવામાં આવ્યો છે. પાલિકા વિસ્તારના ૧૧ જેટલા જાહેર સ્થળોએ કોરોના વાઈરસના સંક્રમણ અટકાવવા સાબુથી હાથ ધોવાની વ્યવસ્થા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી છે.

## વડોદરાના તળાવમાંથી મૃત હાલત કાચબા મળતા રોષ


અમદાવાદ,તા.૨૬

શહેરના આજવા રોડ પર આવેલા કમલાનગર તળાવમાંથી એક સાથે ૩૧ કાચબા મૃત હાલતમાં મળી આવતા ગુજરાત પ્રાણી ક્રુરતા નિવારણ સંસ્થા અને વનવિભાગની ટીમ દોડી આવી હતી. પ્રાથમિક તપાસમાં તળાવના કિનારે વિસ્ફોટક પદાર્થ ફોડવાને લીધે કાચબાઓનું મૃત્યુ થયું હોવાનું જણાવ્યું છે. આ ઘટનાથી વન્યજીવ પ્રેમીઓમાં આઘાત અને રોષની લાગણી ફેલાઈ છે. શહેરના આજવા રોડ પર આવેલા કમલનગર તળાવમાંથી એક સાથે ૩૧ કાચબા મૃત હાલતમાં મળી આવતા ગંભીર ચર્ચાનો વિષય બન્યો છે. આજે સવારે તળાવમાં કાચબા તરતા જોઈને સ્થાનિકોએ ગુજરાત પ્રાણી ક્રુરતા નિવારણ સંસ્થાને જાણ કરી હતી. બનાવની જાણ થતાં તેમની ટીમની સાથે વનવિભાગની ટીમ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી. ત્યારબાદ તમામ મૃત કાચબાઓને તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

# કોરોના સંદર્ભે કોર્પોરેશનનાં જવાબથી કેન્દ્રીય ટીમ નાખુશ

ગાંધીનગર, તા. ૨૬

સમગ્ર દેશમાં કોરોનાનાં વધતા જતા કેસોની સંખ્યામાં મહારાષ્ટ્ર, તમિલનાડુ અને ગુજરાત અગ્રેસર છે. ત્યારે એવામાં કેન્દ્રની આરોગ્ય ટીમ ત્રણ દિવસ આ ત્રણેય રાજ્યોની મુલાકાતે છે. ત્યારે શુક્રવારનાં રોજ કેન્દ્રની આરોગ્ય ટીમ આજે ગુજરાતની મુલાકાતે આવી છે. તેઓએ કોર્પોરેશનનાં અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં તેઓએ રાજ્યમાં કોરોનાની સ્થિતિ અંગેની સમીક્ષા બેઠક યોજી. મહત્વનું છે કે, આ બેઠકમાં તેઓ કોર્પોરેશનનાં અધિકારીઓનાં જવાબથી અસંતુષ્ટ હોવાની જાણવા મળ્યું છે. કોર્પોરેશનનાં ૩ અધિકારીઓએ અલગ-અલગ જવાબ આપતા આરોગ્ય સંયુક્ત સચિવ લવ અગ્રવાલ નારાજ થયા હતાં. તેઓએ યોગ્ય જવાબ ન મળતા કોર્પોરેશનનાં અધિકારીઓની ઝાટકણી કાઢી હતી. કેન્દ્રની આરોગ્ય ટીમે કન્ટેઈનમેન્ટ ઝોન એવા માનસી સર્કલ પાસે આવેલા સેટેલાઈટ ટાવરની મુલાકાત કરી હતી. અહીં કોર્પોરેશન દ્વારા ટીમ આગળ સારી છાપ છોડવા માટે સ્ટીકર મારવામાં આવ્યાં હતાં. અહીં કોર્પોરેશનનાં અધિકારીઓને સવાલો પૂછવામાં આવતા કન્ટેઈનમેન્ટ ઝોન અંગે તેઓ દ્વારા અલગ-અલગ જવાબ આપવામાં આવતા લવ અગ્રવાલ તેઓની પર નારાજ થયા હતાં અને જણાવ્યું હતું કે, ''કોઈ એક વ્યક્તિ સરખો જવાબ આપો પણ મારો સમય ન બગાડો. તેમણે ધનવંતરી રથમાં પણ કોરોના ટેસ્ટ અંગે પૂછતાછ કરી હતી.'' દેશ અનલોક-૧ લાગુ કરવામાં આવ્યા બાદ કોરોનાનાં કેસોમાં સતત વધારો થતા દેશમાં મહારાષ્ટ્ર, તેલંગાણા, દિલ્હી અને ગુજરાતમાં કોરોનાની સ્થિતિ વધુ પડતી વકરેલી જોવા મળી રહી છે. જેને લીધે કેન્દ્રીય આરોગ્ય વિભાગની ટીમ સૌથી વધુ કોરોનાગ્રસ્ત રાજ્યોની મુલાકાતે જઈ રહી છે. જેનાં ભાગરૂપે કેન્દ્રની આરોગ્ય વિભાગની ટીમનાં જોઈન્ટ સેક્રેટરી લવ અગ્રવાલની આગેવાની હેઠળ ટીમ આજે અમદાવાદ આવી પહોંચી છે. તેઓએ શહેરનાં ગોતાનાં વસંતનગરની મુલાકાત લીધી હતી. વસંતનગરમાં કોરોનાની સ્થિતિ અને ધનવંતરી રથની સમીક્ષા કરી. કેન્દ્રની ટીમ સાથે આરોગ્ય કમિશનર જે.પી શિવહરે પણ હાજર હતાં. શહેરમાં કોરોનાની પરિસ્થિતિને લઈ શું હાલાત છે તે અંગેની સમીક્ષા કરવા ગુજરાત આવેલી ટીમે અમદાવાદનાં ગોતા, ઘાટલોડિયા અને વસ્ત્રાપુર એટલે કે સેટેલાઈટ વિસ્તારમાં નિરીક્ષણ કર્યું હતું. જો કે, તમને જણાવી દઈએ કે સ્વાસ્થ્ય વિભાગનાં સંયુક્ત સચિવ લવ અગ્રવાલની અધ્યક્ષતા હેઠળ કેન્દ્રની આરોગ્ય વિભાગની ટીમ છસ્ઝ કમિશ્નર, અમદાવાદનાં કલેકટર, હોસ્પિટલનાં ડૉકટરો અને આરોગ્યનાં અધિકારીઓ સહિત કેટલાંક ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.



## સીઆરપીએફએ ૩૫ હજાર વૃક્ષોના વાવેતરનો સંકલ્પ પુરો કર્યો

કેંદ્રિય ગૃહમંત્રી અમિત શાહે તમામ કેન્દ્રિય સશસ્ત્ર પોલીસ દળોને આ વર્ષ ''માનવીય સંવેદનાઓને જાગૃત કરવાના'' વર્ષ સ્વરૂપે મનાવવા તેમજ વૃક્ષારોપણ અભિયાનને માનવીય સંવેદનાઓની કડીનો ભાગ બનાવવા આહ્‌વાન કર્યુ છે. આ આહવાનના ભાગરૂપે ગુજરાત રાજયના ગાંધીનગર ખાતેના કેન્દ્રિય રીઝર્વ પોલીસ દળ-સીઆરપીએફ દ્વારા મહા નિર્દેશક કે.એમ. યાદવની દેખરેખમાં તા. ૧લી જૂનથી તા. ૨૩મી જૂન સુધીમાં ૩૫ હજાર વૃક્ષોના વાવેતરનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. સીઆરપીએફ દ્વારા વૃક્ષારોપણના સંકલ્પને પરિપૂર્ણ કરવાના ભાગરૂપે સીઆરપીએફ કેમ્પસ, લેકાવાડા ગામ તથા માધવગઢ ફાયરીંગ રેન્જ વગેરે વિસ્તારમાં બાળકો, મહિલાઓ તથા વડીલોની સહયોગથી લીમડા, પીપળા, અશોક, અર્જુન, ગુલમહોર, જાંબુ જેવા વૃક્ષોના રોપાઓનું વાવેતર કર્યુ હતુ. આ વૃક્ષોના રોપાઓને સીઆરપીએફના કર્મચારીઓ તથા તેમના પરિવારોએ એક-એક છોડને પોતાનો મિત્ર બનાવી તેના ઉછેરની જવાબદારી સ્વીકારી છે.